IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# માતૃભાષા શિક્ષણઃ નવી શિક્ષણ નિતીના સંદર્ભે અભ્યાસ

**Dr. Amrita Jitendra Marshal**

**Assistant Professor**

**Post Graduate Department of Education**

**Sardar Patel University, Vallabh Vidyanagar, India**

**સારાંશઃ**

પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓના શિક્ષણ પર માતૃભાષાની અસર સંશોધન પત્રમાં સંશોધક દ્વારા માતૃભાષાના મહત્વને NEP 2020ના સંદર્ભે સમજાવવાનો એક પ્રયાસ થયો છે. NEP 2020 ના દસ્તાવેજમાં વિદ્યાર્થીઓના શિક્ષણમાં માતૃભાષાના માધ્યમનો ઉપયોગ થાય તેમ સ્વીકારવામાં આવ્યું છે. આમ સ્વીકારવાનું કારણ માતૃભાષા એ વિદ્યાર્થીઓના વિકાસ સાથે જોડાયેલી એક કડી છે અને એક મજબૂત માધ્યમ તેમજ સ્ત્રોત છે. શિક્ષણનો હેતુ જ્ઞાનાર્જનનો છે, ડિગ્રી કે નોકરી નહીં. વિદ્યાર્થીઓ જે શીખી રહ્યાં છે તે માત્ર યાદ ન રાખતાં તે સમજી શકે અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરતાં થાય તે વધુ મહત્વનું છે. અન્ય ભાષાઓનાં કે અંગ્રેજી ભાષાના મોહને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ માત્ર ગોખણિયું બની રહ્યું છે અને આપણી કેટલીક ભાષાઓ લુપ્ત થવાના આરે આવી ગઇ છે. ત્યારે માતૃભાષાનો ઉપયોગ વધે, અને તેને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ અર્થપૂર્ણ બને તે બાબત મહત્વની બની છે. આ બાબતને સંશોધનોનો આધાર લઇ સમજાવવાનો પ્રયત્ન અહીં સંશોધક દ્વારા કરવામાં આવ્યો છે. અહીં આ પત્રમાં કુલ ૯ સંશોધનોના આધારે માતૃભાષા વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે કેવી રીતે જોડાયેલી છે તે સમજાવવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે. સંશોધન પદ્ધતિ વિષયવસ્તુ વિશ્લેષણ છે અને તેમાં સંશોધનો સહેતુક રીતે પસંદ કરવામાં આવ્યા છે. દરેક સંશોધનોમાંથી મહત્વની બાબતો અને તેનાં તારણો નોંધવામાં આવ્યાં છે અને તેના આધારે માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું છે. માહિતીનું અર્થઘટન કરતાં તારણો મળ્યાં કે માતૃભાષા વિદ્યાર્થીઓના પ્રત્યાયનમાં, શૈક્ષણિક સિદ્ધિમાં અને દ્વિતિય ભાષાના અધ્યયનમાં હકારાત્મક રીતે સંબંધ ધરાવે છે. NEP 2020માં લેવામાં આવેલ આ ભલામણ વિદ્યાર્થીઓના શિક્ષણમાં હકારાત્મક બદલાવ લાવશે અને તેમના શિક્ષણને ગુણવત્તાના શિખરો તરફ દોરી જશે.

**પ્રસ્તાવનાઃ**

વ્યક્તિના જીવનમાં મા પછીનું સ્થાન માતૃભાષાનું હોય છે. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથીજ માતાની ભાષા શીખવા લાગે તેથી જ તેને માતૃભાષા કહેવાય. મનોવૈજ્ઞાનિકોના મતે બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં પોતાની માતૃભાષાના બે હજાર શબ્દોના પરિચયમાં આવી ગયું હોય છે. બાળક પોતાના વિચારોની અભિવ્યક્તિ માતૃભાષામાં ખૂબ સ્પષ્ટ રીતે અને ભરપૂર આત્મવિશ્વાસ સાથે કરી શકે છે. માતૃભાષા દ્વારા થતાં અધ્યયનમાં બાળકની સર્જનાત્મકતા અને તેની કાર્યશક્તિનો વિકાસ કરી શકાય છે. બાળક પોતાની શૈક્ષણિક સમસ્યાઓ મૂંઝવણ વિના રજૂ કરી શકે છે.

સંશોધનો એમ પૂરવાર કરે છે કે વિદ્યાર્થીના અનુભવો, કૌશલ્યો, જ્ઞાનની સમૃદ્ધિના વિકાસમાં માતૃભાષા એક કડી સમાન પૂરવાર થઇ છે. વિશ્વના કેટલાય દેશો પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપી રહ્યા છે અને વિકસિત દેશોમાં સ્થાન પામી રહ્યાં છે. દ્વિતિય ભાષાના અધ્યયનમાં પણ માતૃભાષા મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ બધાં કારણો અને અભ્યાસોના તારણોથી નવી શિક્ષણ નિતિ ૨૦૨૦ના દસ્તાવેજમાં વિશેષ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, બાળકો એમની માતૃભાષામાં જ શિક્ષણ પ્રાપ્ત કરે તે તેને માટે શ્રેષ્ઠ ગણાય છે. જે ભાષામાં બાળકનો ઉછેર થયો હોય તે ભાષામાં બાળકની ગ્રહણ અને સમજશક્તિ વધુ ખીલે છે. બાળકના મગજને જો કમ્પ્યુટર સાથે સરખાવીએ તો આ કમપ્યુટરમાં બંધબેસતી ભાષા એ તેની માતૃભાષા છે. જર્મની અને જાપાન જેવા દેશોમાં થયેલા સર્વેક્ષણો એમ સાબિત કરે છે કે, માતૃભાષામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સ્ટ્રેસને નિયંત્રણમાં લેવાની ક્ષમતા વધુ હોય છે, તેમજ જીદંગીના મોટાભાગના પડકાર જીલવાની ક્ષમતા પણ ધરાવતાં હોય છે. ઇઝરાયેલ એક નાનો દેશ હોવાં છતાંયે તે મોટાભાગનાં ક્ષેત્રમાં પ્રગતિ કરી શક્યો છે, તેનું એક કારણ એ પણ છે કે ત્યાંના વિદ્યાર્થીઓનું શિક્ષણ માતૃભાષામાં થઇ રહ્યું છે. આ બધા મહત્વના તારણો સાથે આ પત્રમાં માતૃભાષા પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની સિદ્ધિ અને અધ્યયન પર કેવી અસર કરે છે તે બાબતે એક ગુણાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેનાં તારણોથી આપણે પણ માતૃભાષાનું વિદ્યાર્થીના અધ્યયન પર કેટલું મહત્વ છે તે સમજી શકીશું અને અર્થપૂર્ણ અધ્યયનમાં એક શિક્ષક તરીકે પોતાની ભૂમિકા વધુ સારી રીતે સ્પષ્ટ કરી શકીશું.

**સમસ્યાકથનઃ** માતૃભાષા શિક્ષણઃ નવી શિક્ષણ નિતીના સંદર્ભે અભ્યાસ

**હેતુઓઃ**

1. માતૃભાષાની પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પર થતી અસરનો અભ્યાસ કરવો.
2. માતૃભાષાની પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની દ્વિતિય ભાષાના અધ્યયન પર થતી અસરનો અભ્યાસ કરવો.
3. માતૃભાષાની પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની પ્રત્યાયન ક્ષમતા પર થતી અસરનો અભ્યાસ કરવો.

**અભ્યાસના પ્રશ્નોઃ**

1. શું માતૃભાષા પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓના વિવિધ વિષયોની સિદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવે છે?
2. દ્વિતિય ભાષાના અધ્યયનમાં માતૃભાષા વિદ્યાર્થીઓને કેવી રીતે ઉપયોગી નિવડી શકે?
3. વિદ્યાર્થીઓની પ્રત્યાયન ક્ષમતા માતૃભાષાના ઉપયોગ દ્વારા વધુ વિકસાવી શકાય?

**સંશોધનનો પ્રકારઃ** ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિઃ** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**સંશોધન માહિતી એકત્રીકરણ માટેના આધારોઃ** પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માતૃભાષા અને તેની સાથે વિદ્યાર્થીઓની સિદ્ધિ, દ્વિતિય ભાષાનું અધ્યયન અને પ્રત્યાયન ક્ષમતા સાથે થયેલાં કુલ ૦૯ સંશોધન લેખો અને સંશોધન પત્રોને આધાર તરીકે લીધેલાં છે. જેમાં સંશોધનો સહેતુક પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતાં.

**સંશોધનપત્રો અને લેખોઃ**

**એદિસીના અને ઓરિબાબો (૨૦૧૩),** સંશોધનલેખ, "માતૃભાષાનું માધ્યમ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ" વિષય પર પોતાનું સંશોધનપત્ર પ્રકાશિત કરે છે. જેમાં તેઓ માતૃભાષાના માધ્યમ સાથે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવી રીતે સંબંધિત છે તે જણાવવાનો પ્રયત્ન કરે છે. આ એક પ્રયોગાત્મક સંશોધન હતું જેમાં સંશોધક એક જૂથને અંગ્રેજી ભાષાના ઉપયોગથી અભ્યાસ કરાવે છે અને બીજા જૂથને માતૃભાષાના ઉપયોગથી અધ્યયન કરાવવામાં આવે છે. માહિતી પૃથક્કરણ કરવા યોગ્ય આંકડાકીય પદ્ધતિના ઉપયોગથી સાબિત કરે છે કે જે જૂથને માતૃભાષાના ઉપયોગથી

અભ્યાસ કરાવવામાં આવ્યો હતો તે જૂથની સિદ્ધિ અન્ય જૂથ કરતાં વધારે ઉંચી હતી. તેમણે શિક્ષકોને વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ નિપુણ બનાવવા માતૃભાષાના ઉપયોગ પર ભાર મૂકવા હિમાયત કરી હતી.

**યાદવ (૨૦૧૪),** પોતાના સંશોધનલેખ, "દ્વિતિય ભાષાના અધ્યયનમાં માતૃભાષાની ભૂમિકા" માં જણાવે છે કે, વિદ્યાર્થીઓના અધ્યયનમાં માતૃભાષાની હકારાત્મક ભૂમિકા છે.મોટાભાગના વિદ્યાર્થીઓ માતૃભાષામાં શીખવાનું પસંદ કરે છે. દ્વિતિય ભાષાના અધ્યયનમાં પણ માતૃભાષાનું યોગદાન વિશેષ રહેલું છે. પ્રથમ ભાષાના ઉપયોગથી દ્વિતિય ભાષા વધુ અર્થપૂર્ણ રીતે શીખી શકાય છે.

**ન્વાલી સ્ટીફન (૨૦૧૪),** એ પોતાના સંશોધનલેખ, "બાળકની શૈક્ષણિક સિદ્ધિ પર માતૃભાષાની અસર" માં નોંધે છે કે બાળક વિવિધ વસ્તુ અને સ્થળોના નામ સૌથી પહેલાં પોતાની માતૃભાષામાં શીખે છે. બાળક આ જ્ઞાન સાથે પોતાના ઔપચારિક શિક્ષણની શરૂઆત કરે છે. બાળક ગણિત ભાષાના આંકડા, તેમજ તેની સંખ્યા વિશે પોતાના ઘરમાં માતૃભાષામાં શીખે છે અને જ્યારે શાળામાં આ સંકલ્પનાઓ તેની માતૃભાષામાં શીખવવામાં આવે છે ત્યારે તે ઝડપથી તે ગ્રહણ કરી શકે છે. બાળક કહેવતો, લોકકથાઓ અને લોકરિવાજો વિશેનું જ્ઞાન પોતાની માતૃભાષામાં શીખી તેનો સાહિત્યિક રસ વધારી શકાય છે.માતૃભાષાનું જ્ઞાન તેને અંગ્રેજી ભાષા અને પોતાની ભાષાના માળખાંમાં રહેલી સમાનતાઓ અને વિસમાનતઓનો પરિચય કરાવે છે, જે તેને બંને ભાષાઓ શીખવામાં મદદ કરે છે. યોગ્ય રીતે લેખન અભિવ્યક્તિમાં પણ માતૃભાષા ઉપયોગી નીવડે છે.

**બાદી (૨૦૧૫),** "પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના દ્વિતિય ભાષાના અધ્યયનમાં માતૃભાષાની અસરો" માં જણાવે છે કે દ્વિતિય ભાષાના અધ્યયનમાં પ્રથમ ભાષાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે અને તેની સાથે યોગ્ય લાગે ત્યાં પ્રથમ ભાષાનો પણ ઉપયોગ શિક્ષકો દ્વારા કરવામાં આવે તો વિદ્યાર્થીઓ એક સાથે બે ભાષા પર પોતાની નિપુણતા મેળવી શકે છે.

**અન્ના અવોપેતુ (૨૦૧૬),** "પ્રાથમિક કક્ષાના વર્ગોમાં બાળકોની અધ્યયન ક્ષમતા પર માતૃભાષાના ઉપયોગની અસરો", સંશોધનમાં આંશિક પ્રાયોગિક સંશોધન યોજનાનો ઉપયોગ કર્યો હતો અને લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કર્યા હતાં. પ્રાયોગિક અને નિયંત્રણ જૂથમાં સંશોધક દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવ્યું હતું. પ્રયોગના અમલીકરણ બાદ ઉત્તરકસોટીનું બંને જૂથમાં સંચાલન કરવામાં આવ્યું હતું. યોગ્ય આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિના ઉપયોગ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું, જેમાં મુખ્ય તારણ મળ્યું કે, માતૃભાષાના ઉપયોગ દ્વારા જે જૂથનું અધ્યાપન કરાવવામાં આવ્યું હતું તે જૂથના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેનું અર્થઘટન એમ થાય કે માતૃભાષા એ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાને સમૃદ્ધ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

**થીસોમે નેકાતીબેબ (૨૦૧૬),**પોતાના સંશોધનલેખ, "શૈક્ષણિક સિદ્ધિ પર માતૃભાષા સાથે થતાં અધ્યયનની અસર" માં તેમણે એક ગુણાત્મક અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં તેઓ નોંધે છે કે,ગણિત અને ભૌતિકશાસ્ત્ર જેવાં વિષયોમાં જે વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં અભ્યાસ કર્યો હતો તેમની સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધુ નોંધાઇ હતી. માતૃભાષા દ્વારા થતાં શિક્ષણના કારણે તેમનું સમસ્યા નિરાકરણ કૌશલ્ય પણ વિકસિત થયેલું જોવા મળ્યું હતું. તેઓ એમ પણ નોંધે છે કે માતૃભાષા દ્વિતિય ભાષાના અધ્યયનમાં પણ સુવિધાકર્તા પૂરવાર થઇ છે.અંગ્રેજી વિષયમાં પણ માતૃભાષાના ઉપયોગથી વધુ સિદ્ધિ જોવા મળી છે. તેમના સંશોધનમાં એમ પણ નોંધવામાં આવ્યું કે મોટાભાગની શાળાઓ માતૃભાષા દ્વારા શિક્ષણની હિમાયત કરે છે.

**સવાઇ ભગવાન (૨૦૧૬),** "અંગ્રેજી પ્રત્યાયન અને માતૃભાષા" શીર્ષક હેઠળ પ્રકાશિત સંશોધન પત્રમાં અંગ્રેજી પ્રત્યાયન અને માતૃભાષા વચ્ચે કેવો સહસંબંધ છે અને માતૃભાષા તેને કેવી રીતે અસર કરે છે તે શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભાષા વ્યક્તિ વિકાસનું એક મહત્વનું ઉપકરણ અને માધ્યમ છે. જ્યારે વિદ્યાર્થીની સમજ માતૃભાષામાં ઊંડી હોય ત્યારે તે દ્વિતિય ભાષાના શબ્દોનું અર્થગ્રહણ યોગ્ય રીતે કરી શકે છે. જો વિદ્યાર્થીની માતૃભાષાના શબ્દોની અર્થગ્રહણ ક્ષમતા ઓછી કે નબળી હશે તો તે તેના અંગ્રેજી શીખવાની ક્ષમતા પર પણ પ્રતિબિંબિત થશે.

**પેરેઝ અને એલિએટો (૨૦૧૮),** "માતૃભાષામાં નિપુણતા અને ગણિતમાં સિદ્ધિ વચ્ચેનો સહસંબંધ" શીર્ષકના પત્રમાં જણાવે છે કે,માતૃભાષા વિદ્યાર્થીઓની સિદ્ધિ અને જ્ઞાનપ્રાપ્તિ અને અધ્યયનમાં મહત્વનો ભાગ ભજવે છે. તેઓ એમ પણ નોંધે છે કે માતૃભાષા એ ગાણિતિક પ્રત્યાયનમાં એક સ્ત્રોતની મહત્વની ભૂમિકા ભજવે છે. સંશોધનના તારણોમાં એમ પણ નોંધવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ વિવિધ ગાણિતિક સંકલ્પનાઓ અને ગણિતના ખ્યાલો ખૂબ સારી રીતે સમજી શક્યા છે કારણકે શિક્ષકો દ્વારા તેની રજૂઆત વિદ્યાર્થીઓની માતૃભાષામાં કરવામાં આવી હતી. માતૃભાષામાં નિપુણતા અને ગણિત વિષયની સિદ્ધિ વચ્ચે હકારાત્મક સહસંબંધ નોંધવામાં આવ્યો.

**એલિસન (૨૦૧૮),** પોતાના સંશોધનલેખ, "માતૃભાષા આધારિત શિક્ષણ દ્વારા અધ્યયન નિપજોમાં સુધારણા" માં માતૃભાષા શિક્ષણનું મહત્વ સમજાવતાં લખે છે કે,બાળકોને જ્યારે માતૃભાષામાં શિક્ષણ મળે છે ત્યારે ડ્રોપ આઉટ રેશિયો ઘટે છે, બાળકો નિયમિત શાળાએ જાય છે, તેઓ પોતાના વિષયોની વ્યવસ્થિત સમજ પ્રાપ્ત કરી શકે છે અને પોતાના વિચારોની અભિવ્યક્તિ પણ નિઃસંકોચ રીતે કરી શકે છે. વિદ્યાર્થીઓ ઝડપથી વાંચન કરતાં શીખી શકે છે અને તેમની અર્થગ્રહણ ક્ષમતામાં પણ વૃદ્ધિ જોવા મળે છે. વિદ્યાર્થીઓ માતૃભાષાના શિક્ષણ દ્વારા સ્વ-સંકલ્પના અને પોતાની આગવી ઓળખ સાથે પોતાનું તાદાત્મ્ય કેળવી શકે છે. સ્થાનિક સંસ્કૃતિને આધાર આપી શકાય છે અને વિદ્યાર્થીઓના મા-બાપને તેમના અભ્યાસમાં સમાવિષ્ટ કરી શકાય છે. તેઓના મતે માતૃભાષાના શિક્ષણના કાર્યક્રમમાં સમય, શક્તિ અને નાણાંનું થતું રોકાણ એક રીતે બાળકના શિક્ષણ માટે થતું શ્રેષ્ઠ રોકાણ છે.

### માહિતી પૃથક્કરણઃ

પ્રસ્તુત સંશોધનમાં આધાર તરીકે લીધેલાં લેખો અને સંશોધન પત્રોમાંથી મળેલી માહિતીનું સંશોધનના હેતુઓના સંદર્ભમાં પૃથક્કરણ કરવામાં આવ્યું. માહિતી પૃથક્કરણ માટે તેમાંથી મળેલી માહિતીને મહત્વનાં વાક્યો અને તારણોમાં નોંધવામાં આવી અને તેના ઉપયોગથી મહત્વનાં અર્થઘટન કરવામાં આવ્યું. જે નીચેના કોઠામાં દર્શાવવામાં આવ્યું છે.

| ક્રમ | સંશોધન લેખ/પત્રની વિગત | મહત્વનાં વાક્યો/તારણો |
|---|---|---|
| ૧ | એદિસીના અને ઓરિબાબો (૨૦૧૩), "માતૃભાષાનું માધ્યમ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ" | માતૃભાષાના માધ્યમથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધારી શકાય છે. |
| ૨ | યાદવ (૨૦૧૪), "દ્વિતિય ભાષાના અધ્યયનમાં માતૃભાષાની ભૂમિકા | દ્વિતિય ભાષાના અધ્યયનમાં પ્રથમ ભાષાની મહત્વની ભૂમિકા છે, તેના ઉપયોગથી વધુ સારી રીતે દ્વિતિય ભાષા શીખી શકાય છે. |
| ૩ | ન્વાલી સ્ટીફન (૨૦૧૪), "બાળકની શૈક્ષણિક સિદ્ધિ પર માતૃભાષાની અસર" | બાળક માતૃભાષાના માધ્યમથી પોતાના ઘર અને શાળાના શિક્ષણ વચ્ચે તાદાત્મ્ય સાધી શકે છે. અને તેના શિક્ષણનો પાયો વધુ મજબૂત બને છે. |
| ૪ | બાદી (૨૦૧૫), "પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના દ્વિતિય ભાષાના અધ્યયનમાં માતૃભાષાની અસરો" | પ્રથમ ભાષાનો વિવેકપૂર્ણ ઉપયોગ દ્વિતિય ભાષાના અધ્યયનને વધુ મજબૂત બનાવે છે અને વિદ્યાર્થીઓ બંને ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. |
| ૫ | અન્ના અવોપેતુ (૨૦૧૬), "પ્રાથમિક કક્ષાના વર્ગોમાં બાળકોની અધ્યયન ક્ષમતા પર માતૃભાષાના ઉપયોગની અસરો", | વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા પર માતૃભાષાની હકારાત્મક અસરો જોવા મળી છે. વિદ્યાર્થી સમજ સાથે વિષયો શીખી શકે છે જે સિદ્ધિમાં પરિણમે છે. |
| ૬ | થીસોમે નેકાતીબેબ (૨૦૧૬), "શૈક્ષણિક સિદ્ધિ પર માતૃભાષા સાથે થતાં અધ્યયનની અસર | માતૃભાષાના માધ્યમથી અભ્યાસ અને અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિષયોને વધુ સારી રીતે સમજી શકતાં હોય છે. |
| ૭ | સવાઇ ભગવાન (૨૦૧૬), "અંગ્રેજી પ્રત્યાયન અને માતૃભાષા" | માતૃભાષામાં જે વિદ્યાર્થીની નિપુણતા હશે તે વિદ્યાર્થીઓ દ્વિતિય ભાષા અર્થપૂર્ણ રીતે શીખી શકે છે અને તેનો ઉપયોગ પોતાના પ્રત્યાયનમાં અર્થપૂર્ણ રીતે કરી શકે છે. |

| | | |
|---|---|---|
| ૮ | પેરેઝ અને એલિએટો (૨૦૧૮), "માતૃભાષામાં નિપુણતા અને ગણિતમાં સિધ્ધિ વચ્ચેનો સહસંબંધ" | માતૃભાષાના માધ્યમથી અભ્યાસ કરાવવાથી ગણિત જેવા કઠિન વિષયની સંકલ્પનાઓ અને તેના ખ્યાલો વધુ સ્પષ્ટ કરી શકાય છે. |
| ૯ | એલિસન (૨૦૧૮) "માતૃભાષા આધારિત શિક્ષણ દ્વારા અધ્યયન નિપજોમાં સુધારણા | માતૃભાષાનું માધ્યમ બાળકને શિક્ષણ સાથે જોડવાનું કાર્ય કરે છે અને બાળકને અભ્યાસ માટે વધુ પ્રેરિત કરતું એક માધ્યમ બને છે. |

**સંશોધનનાં તારણોઃ**

સંશોધકે ઉપર દર્શાવ્યા મુજબના સંશોધનોનો અભ્યાસ કરી તેમાંથી નીચેના તારણો તારવવામાં આવ્યાં છેઃ

1. માતૃભાષાના માધ્યમમાં અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિમાં વધારો કરી શકાય છે.
2. માતૃભાષાના ઉપયોગથી ગણિત કે ભૌતિકશાસ્ત્ર જેવાં કઠિન વિષયોની સંકલ્પના અને તેમાં સમાવિષ્ટ ખ્યાલો વધુ અર્થપૂર્ણ રીતે સમજાવી શકાય છે.
3. માતૃભાષાનું માધ્યમ વિદ્યાર્થીઓને દ્વિતિય ભાષા શીખવામાં એક મહત્વનું માધ્યમ સાબિત થાય છે.
4. માતૃભાષાના ઉપયોગ દ્વારા વિદ્યાર્થી એકસાથે બે (પ્રથમ અને દ્વિતિય ભાષા) ભાષા પર પોતાની નિપુણતા પ્રાપ્ત કરી શકે છે.
5. માતૃભાષા વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા વધુ મજબૂત બનાવે છે.
6. માતૃભાષા વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ રીતે પ્રત્યાયન, આંતરક્રિયા અને વિચારોની અભિવ્યક્તિ માટે પ્રેરિત કરનારો એક સ્ત્રોત બને છે.

**સંશોધનનાં ફલિતાર્થોઃ**

માતૃભાષા વિદ્યાર્થીઓના શિક્ષણ પર હકારાત્મક અસરો નિપજાવે છે ત્યારે શિક્ષકો તરીકે વિદ્યાર્થીની જ્ઞાનાર્જન પ્રક્રિયામાં માતૃભાષાનો વધુ ઉપયોગ થાય તે હિતાવહ છે. શિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓ બંને ભાષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રશિક્ષણાર્થીઓ તૈયાર કરે તો તેનો લાભ ભવિષ્યના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઇ શકે. શિક્ષકો જો બંને ભાષાઓ યોગ્ય રીતે સમજી શકતાં હશે તો મહત્વની સંકલ્પનાઓ સમજાવતી વખતે બંને ભાષાઓનાં શબ્દોના પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓ વધુ અર્થપૂર્ણ અધ્યયન કરી શકશે. શાળાઓમાં અંગ્રેજી વિષય એક વિષય તરીકે અભ્યાસ કરાવવામાં આવે જેથી વિદ્યાર્થીઓ બંને ભાષાઓ શીખી શકે અને તેનું અર્થગ્રહણ કરી શકે. ગુજરાતી ભાષાનું ધોરણ ઊંચે લઇ જવામાં આવે અને તે માટે ક્ષમતાવાન શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત પુસ્તકો તૈયાર કરવામાં આવે તે ઇચ્છનીય છે. માતા-પિતાને માતૃભાષાનું મહત્વ સમજાવી અને તેની સાથે વિદ્યાર્થીઓનું શિક્ષણ વધુ સારી રીતે થઇ શકશે તેમ સમજાવી તેમના વિચારોમાં બદલાવ લાવી શકાશે. નવી શિક્ષણ નિતીમાં માતૃભાષા પર જે રીતે ભાર મૂકવામાં આવ્યો છે તેના હકારાત્મક પરિણામો ચોક્કસ જોઇ શકાશે તે બાબત નિઃશંક છે. ભારતની તમામ ભાષાઓમાં પુનઃપ્રાણ ફૂંકવા સમાન આ નિર્ણય બની રહેશે અને વિવિધ ભાષાઓની સમૃધ્ધિ ધરાવતો આપણો દેશ ચોક્કસ અલગતા ધરાવતો દેશ બની રહેશે અને તમામ ભાષાઓને લુપ્ત થવામાંથી બચાવી શકાશે.

## સંદર્ભસૂચિઃ

Adesina & Oribaboo, (2013), *Mother tongue instruction and academic achievement of pupils*, International Journal of Arts & Social Science, Vol. 25

Allison, (2018), *Improving learning outcomes through Mother tongue based education*, RTI international Journal, ierc.publicfiles.53.com

Anna Awopetu, (2016), *Impact of MT on Children's learning abilities in early childhood classroom*, Procedia, Annual International Scientific Conference,

Badi, (2015), *Effects MT on learning second language in elementary school*, International Journal of Research in Humanities, ISSN no: 2321-8878, vol. 3

Nwali Stephen, (2014), *Impact of MT on the academic achievement of the child,* Knowledge Review, vol. 30, no. 1, Lagos; NERDC Press

Perez Anna & Ericson, (2018), *A Correlation of MT Proficiency and Mathematics achievement*, The Asian ESP Journal, vol. 4, issues, 7.2, ELE publication

Sawai B., (2016), *English Communication and Mother Tongue*, An International Multidisciplinary Journal, vol. 2, issue. 4, ISSN- 2455-314X

Thesome Nekatibeb, *The impact of learning with the mother tongue on academic achievement*, https://www.langdevconferences.org

Yadav M., (2014), *Role of MT in second language learning*, International Journal of Research, Vol. 1, 2348-6848